ગાંધીનગર સમાચાર

PSLV-C23 સફળ રીતે લોન્ચ

સાર્ક સેટેલાઈટ વિકસીત કરવા મોદીની અપીલ : વૈજ્ઞાનિકોમાં ખીશનું મોજું

શ્રીહરિકોટા, તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં ઈસરોના પીએસએલવી-સી૨૩ સફળરીતે લોંચ કરવામાં આવતા ભારતે અંતરિક્ષના ક્ષેત્રમાં વધુ એક મોટી સિદ્ધી મેળવી હતી. આજે સવારે ૯.૫૨ વાગે પીએસએલવી -સી૨૩ રોકેટ લોંચ કરવામાં આવતા તમામ વૈજ્ઞાનિકો અને નિષ્ણાંતોમાં ખુશીનુ મોજુ ફરી વળ્યું હતુ. પીસએલવી -સી૨૩ ને આજે સવારે નિર્ધારિત સમય પર જ શ્રીહરિકોટામા સતીશ ધવન સ્પેશ સેન્ટર સહાર ખાતેથી લોચ કરવામાં આવતા ભારતે ગ્લોબલ મલ્ટી બિલિયન ડોલરના માર્કેટમાં જંગી કમાણી કરવાની દિશામાં આગેકુચ કરી હતી. ઈસરોના પીએસએલવી -સી૨૩ મારફતે પાંચ વિદેશી સેટેલાઈટને પરિભ્રમણ કક્ષામાં મુકી દેવામાં આવ્યા હતા.પીએસએલવી-સી૨૩ રોકેટ તેની સાથે ૭૧૪ કિલોગ્રામના ફ્રેન્ચ અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ સ્પોટ-૭ અને અન્ય ચાર સેટેલાઈટને લઈને રવાના થતા ઈસરોના વૈજ્ઞાનિકોની નજર તેના પર કેન્દ્રિત રહી હતી. ફ્રેન્ચ સેટેલાઈટની સાથે સાથે ૧૪ કિલોગ્રામાના જર્મનીના એસ્ટે, કેનેડાના ૧૫-૧૫ કિલોગ્રામના એનએલએસ૭.૧ અને એનએલએસ ૭.૨ અને સિંગાપોરના સાત કિલોગ્રામના વેલોક્સ-૧ને લઈને પીએસએલવી-સી૨૩ ઉડાણ ભરી હતી. થોડાક સમયમાં જ તમામ સેટેલાઈટને તેમની પરિભ્રમણ કક્ષામાં મુકી દેવામાં આવ્યા હતા. અગાઉ ઈસરોએ ૯.૪૦ વાગેનો સમય નક્કી કર્યો હતો. પરંતુ હવે તેમાં સુધારો કરી લોંચ ટાઈમ ૯.૫૨ વાગે કરવામાં આવ્યો હતો. લોંચ માટેની તમામ તૈયારીઓ ગઈકાલે જ કરી લેવામાં આવી હતી. મિશન રેડિનેસ રિવ્યુ કમિટી અને લોંચ

ઓથોરાઈજેશન બોર્ડની બેઠક ૨૭મી જુનના દિવસે યોજાઈ હતી. જેમાં પ્રિલોંચ પ્રવૃતિની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી. એલએબી તરફથી મંજૂરી મળી ગયા બાદ મિશન માટે ૪૯ કલાકનુ કાઉન્ટ ડાઉન શરૂ કરવામાં આવ્યું હતુ.અત્રે ઉલ્લેખનીય છે કે ઈસરોના પીએસએલવી સી ૨૩ના લોંચ માટે ૪૯ કલાક લાંબુ કાઉન્ટ ડાઉન સવારે શરૂ થઈ ગયું હતુ. શ્રીહરિકોટા સ્પેશપોર્ટ ખાતે કાઉન્ટ ડાઉનની શરૂઆત થઈ હતી. તમામ પ્રક્રિયા યોગ્ય રીતે આગળ વધી હતી.

સતીશ ધવન સ્પેશ સેન્ટર ખાતે સવારે ૮-૫૧ વાગે કાઉન્ટ ડાઉનની શરૂઆત કરાઈ હતી. ઈસરોએ વિદેશી દેશોના ૩૫ સેટેલાઈટ હજુ સુધી લોંચ કર્યા છે.વિદેશી સંસ્થાઓની સાથે થયેલી સમજુતીના ભાગરૂપે આ તમામ સેટેલાઈટને લોંચ કરવામાં આવ્યા હતા. અગાઉ અનેક દેશોના સેટેલાઈટ લોંચ કરવામાં મદદ કરી ચુકી છે. ઈસરો અંતરિક્ષના ક્ષેત્રમાં મોટી સફળતાની દિશામાં સતત અગ્રેસર છે. ભારતને હવે અન્ય દેશો તરફથી તેમના સેટેલાઈટ લોંચ કરવાની તક મળી શકે છે.

ભારત-ચીનના ૩ મહત્વપૂર્ણ સમજુતી પર હસ્તાક્ષર થયા

ભારતમાં ચીની રોકાણને વધારવાના હેતુસર ઈન્ડસ્ટ્રીયલ પાર્ક અંગે સહી સિક્કા : બ્રહ્મપુત્ર નદી અંગે પણ સમજુતી

નવી દિલ્હી,તા. ૩૦

ભારત અને ચીને આજે ત્રણ મહત્વપૂર્ણ સમજુતી ઉપર સહી સિક્કા કર્યા હતા. ઈન્ડસ્ટ્રીયલ પાર્ક અને બ્રહ્મપુત્ર નદીના ફ્લડ ડેટા સહિત ત્રણ સમજુતી ઉપર એમઓયુ કરવામાં આવ્યા બાદ બન્ને દેશો સંબંધોને મજબુત બનાવવાની દિશામાં આગળ વધશે. ઈન્ડસ્ટ્રીય પાર્ક અંગે એમઓયુનો મુખ્ય હેતુ ભારતમાં ચીની મુડીરોકાણને વધારવાનો છે. સાથે-સાથે ઈન્ડસ્ટ્રીયલ પાર્ક અને ઝોનમાં મૂડીરોકાણ કરવા ચીની કંપનીઓ માટે રૂપરેખા તૈયાર કરવામાં આવી રહી છે.એમઓયુ હેઠળ બન્ને દેશો એકબીજાના અર્થતંત્રમાં પારસ્પરીક મૂડીરોકાણને વધારવા સહકાર કરવા સહમત થયા છે. સાથે-સાથે આ સહકાર સ્થાનિક કાયદાઓ અને ધારાધોરણ મુજબ રહેશે.

એકબીજાની મંજુરી અને પારસ્પરિક સહકારની બાબત ઉપર સંબંધ આગળ વધશે. સમાનતા અને પારસ્પરિક લાભના આધાર ઉપર બન્ને દેશો આગળ વધશે. ઈન્ડસ્ટ્રીયલ પાર્ક કો-ઓપરેશન વર્કિંગ ગ્રુપ બન્ને દેશોથી એકસમાન પ્રતિનિધિઓને આવરી લેશે અને વિસ્તૃત રૂપરેખા તૈયાર કરવામાં આવશે. ફ્લડ ડેટા વહેંચણી અંગે એમઓયુને પણ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. જેમાં બ્રહ્મપૂત્ર નદીના હાઈડ્રોલોજીકલ ડેટાના વધુ ૧૫ દિવસનો સમાવેશ થાય છે. ભારત ચીની પાર્ટીને લઈને હાઈડ્રોલોજીકલ સેન્ટરની જાળવણી માટે તૈયાર છે. ત્રીજી સમજુતી એડમિનીસ્ટ્રેટીવ ઓફિસરો વચ્ચે નિયમિત વાતચીત માટેની રૂપરેખાનો છે. એમઓયુ લાલબહાદુર શાસ્ત્રી નેશનલ એકેડમી ઓફ એડમિનિસ્ટ્રેશન અને ચીની એક્ઝીક્યુટિવ લીડરશીપ વચ્ચે સહકારને વધારશે. ઉપરાષ્ટ્રપતિ હમીદ અંસારી હાલમાં ચીનની યાત્રાએ છે. ચીન સાથે સંબંધોને મજબૂત કરવા ભારત પહેલાથી જ તૈયાર છે.

૩ પાર્ટીની રાષ્ટ્રીય માન્યતા ખતમ કરી દેવા તખ્તો તૈયાર

નવી દિલ્હી,તા. ૩૦

ભારતમાં ટુંક સમયમાં માત્ર ત્રણ રાષ્ટ્રીય પાર્ટી રહી શકે છે. શરદ પવારની એનસીપી, માયાવતીની બહુજન સમાજ પાર્ટી અને સીપીઆઇની રાષ્ટ્રીય માન્યતા ખતમ કરવા માટેની હિલચાલ શરૂ કરી દેવામાં આવી છે. આ તમામ ત્રણેય પાર્ટી હવે રાષ્ટ્રીય પાર્ટી તરીકેનો દરજ્જો ગુમાવે તેવી શક્યતા છે. લોકસભાની ચૂંટણીમાં કારમી હાર થયા બાદ ચૂંટણી પંચ દ્વારા વિચારણા શરૂ કરી દેવામાં આવી છે. આ સંબંધમાં તમામ ત્રણેય પાર્ટીને નોટીસ પણ આપી દેવામાં આવી છે. લોકસભાની ચૂંટણીમાં કારમી હાર થયા બાદ તેમની રાષ્ટ્રીય માન્યતા કેમ રદ કરવી જોઇએ નહી તે અંગે ખુલાસો કરવા માટે કહેવામાં આવ્યું છે. ચૂંટણી પંચ દ્વારા નક્કી કરવામાં આવેલી શરતો મુજબ રાષ્ટ્રીય પાર્ટીના દરજ્જા માટે કોઇ પણ પાર્ટીને ચાર રાજ્યોમાં ઓછામાં ઓચા છ ટકા મત અથવા તો ત્રણ ચતુર્થાંશ લોકસભા બેઠક પર ઓછામાં ઓછા બે ટકા મત મળવા જોઇએ. અથવા તો ચાર રાજ્યોમાં રાજ્યની પાર્ટી તરીકે તેમની માન્યતા હોવી જોઇએ. એનસીપી, બસપ અને સીપીઆઇ તમામ ત્રણેય શરતમાં આવતી નથી.ચૂંટણી પંચ સમક્ષ તેમની રજૂઆત કરવા અને દલીલો કરવા માટે ત્રણેય પાર્ટીને મહેતલ અપાઇ હતી. જો આ પાર્ટી રાષ્ટ્રીય માન્યતા ગુમાવી દે છે તો દેશમાં માત્ર ત્રણ પાર્ટી રાષ્ટ્રીય પાર્ટી તરીકે રહી જશે. જેમાં ભાજપ, કોંગ્રેસ અને સીપીઆઇ(એમ)નો સમાવેશ થાય છે. સિંબલ ઓર્ડર ૧૯૬૮ હેઠળ જો કોઇ પાર્ટી રાષ્ટ્રીય પાર્ટી તરીકે માન્યતા ગુમાવી દે છે તો તેની પાસે સમગ્ર દેશમાં એક જ ચૂંટણી પ્રતિક પર ચૂંટણી લડવાનો અધિકાર રહેતો નથી.

પ. બંગાળના રાજ્યપાલ નારાયણનનું રાજીનામું

ચેન્નઈ,તા. ૩૦

પશ્ચિમ બંગાળના રાજ્યપાલ એમકે નારાયણને આજે રાજીનામું આપી દીધું હતું. આની સાથે જ એનડીએ સરકાર સત્તામાં આવ્યા બાદથી જ રાજીનામું આપનાર ચોથા રાજ્યપાલ બન્યા છે. એનડીએ સરકાર સત્તામાં આવ્યા બાદ કેટલાક રાજ્યોના રાજ્યપાલોને રાજીનામું આપી દેવા માટે સુચના આપી હતી. યુપીએના શાસન દરમિયાન આ રાજ્યપાલોની નિમણૂંક કરવામાં આવી હતી. કેન્દ્રીય ગૃહસચિવ અનિલ ગોસ્વામીએ અગાઉની યુપીએ સરકાર દ્વારા નિમવામાં આવેલા કેટલાક રાજ્યપાલોને ફોન કરીને રાજીનામું આપી દેવા માટે કહ્યું હતું.

નરેન્દ્ર મોદી સરકારે સત્તા સંભાળ્યા બાદ તેમને આ પ્રકારની સુચના અપાઈ હતી. હજુ સુધી નાગાલેન્ડના રાજ્યપાલ અશ્વિનીકુમાર, ઉત્તરપ્રદેશના રાજ્યપાલ, બીએલ જોશી, છત્તીસગઢના રાજ્યપાલ શેખર દત્ત રાજીનામું આપી ચુક્યા છે.

વરસાદ ખેંચાતા દેશમાં દુષ્કાળ જેવી સ્થિતિ

પાણી પુરવઠાના સંદર્ભે પ્લાન તૈયાર કરવા રાજ્યોને સુચના

નવી દિલ્હી,તા. ૩૦

દેશમાં આ વર્ષે મોનસુનની સ્થિતિ ખૂબ જ નબળી બનેલી છે ત્યારે ઉભી થયેલી સ્થિતિને પહોંચી વળવા તથા દુષ્કાળ જેવી સ્થિતિનો સામનો કરવા માટે કેન્દ્ર સરકારે તૈયારી કરી લીધી છે. આના ભાગરૂપે જ કેન્દ્ર સરકારે પીવાના પાણીના પુરવઠા અંગે એક કોન્ટીજેન્સી યોજના તૈયાર કરવા તમામ રાજ્યોને સુચના આપી દીધી છે. કેન્દ્ર સરકારના આદેશો એવા સમયે આવ્યા છે જ્યારે ઓછા વરસાદના કારણે દેશના જુદા-જુદા ભાગોમાં પાણીની તીવ્ર અછત પ્રવર્તી રહી છે. ખાનગી આગાહી સંસ્થાના જણાવ્યા મુજબ જુન મહિનામાં વરસાદ માટેનો સરેરાશ આંકડો ૪૨ ટકા ઓછો રહ્યો છે જે ખૂબ જ ગંભીર સ્થિતિના સંકેત આપે છે. છેલ્લા ૧૧૩ વર્ષના ગાળામાં માત્ર ૧૨મી વખત જ આ પ્રકારની સ્થિતિ સર્જાઈ છે. ગુજરાત અને રાજસ્થાન જેવા રાજ્યો ૮૦ ટકા ઓછા વરસાદની સ્થિતિનો સામનો કરી રહ્યા છે. પીવાના પાણી અને અન્ય ગંભીર સમસ્યાઓ સર્જાઈ રહી છે. કેન્દ્ર સરકાર રાજ્યોમાં પાણી પુરવઠાની સ્થિતિ ઉપર ચાંપતી નજર રાખી રહી છે. હવે એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે, દરેક રાજ્ય માટે રાજ્ય પાણી પુરવઠા કોન્ટીજેન્સી પ્લાન અને સાથે-સાથે જિલ્લા પાણી પુરવઠા કોન્ટીજેન્સી યોજના તૈયાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અધિકારીઆનું કહેવું છે કે, પીવાના પાણીની વેબસાઈટ ઉપર માહિતી અપલોડ કરવા માટે પણ કહેવામાં આવ્યું છે. આ ઉદ્દેશ્યને ઉચ્ચ પ્રાથમિક્તા આપવા માટે કહેવામાં આવ્યું છે. મંત્રાલયના આંકડા મુજબ આશરે ૯૦ ટકા ગ્રામીણ પાણી પુરવઠો ભુગર્ભ જળના સંશાધનોમાંથી આવી રહ્યો છે. રિચાર્જ માટેની બાબત વરસાદ ઉપર આધારિત રહેશે. વર્લ્ડ બેંક દ્વારા જારી કરવામાં આવેલા આંકડા દર્શાવે છે કે, ભારત વિશ્વમાં ભુગર્ભ જળના ઉપયોગમાં પ્રથમ સ્થાને છે.

જમ્મુથી વધુ અમરનાથ શ્રદ્ધાળુની ટુકડી રવાના

જમ્મુ, તા. ૩૦

અમરનાથ યાત્રા શાંતિપૂર્ણ રીતે આગળ વધી રહી છે. આજે જમ્મુ બેઈઝકેમ્પથી ૧૬૬૬ શ્રદ્ધાળુઓની નવી ટુકડી રવાના થઈ હતી. અમરનાથ દર્શન માટે સઘન સુરક્ષા વચ્ચે આ કાફલો રવાના કરાયો હતો. ચોથા કાફલામાં મોટી સંખ્યામાં બાળકો અને મહિલાઓ પણ હતી. મળેલી માહિતી મુજબ સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે દક્ષિણ કાશ્મીર હિમાલયમાં પવિત્ર અમરનાથની ગુફા તરફ આ કાફલો રવાના થયો હતો. ૧૬૬૬ શ્રદ્ધાળુઓના કાફલામાં ૧૧૪૬ પુરુષો, ૨૮૮ મહિલાઓ અને ૪૦ બાળકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૧૯૨ સાધુ-સંતો પણ ચોથા કાફલામાં રવાના થયા હતા. યાત્રા માટેના કાફલાએ જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય હાઈવે પર સ્થિત રામબાણ જિલ્લામાં રામસુ વિસ્તારને મોડેથી પાર કરી લીધો હતો. કાશ્મીર ખીણમાં બલતાલના બેઈઝ કેમ્પ તરફ શ્રદ્ધાળુઓનો કાફલો આગળ વધી ગયો છે. સોમવારની બેચ સાથે અમરનાથ દર્શન માટે જમ્મુથી રવાના થયેલા શ્રદ્ધાળુઓની સંખ્યા વધીને ૫૦૨૬ સુધી પહોંચી ગઈ છે.

એક વિલનની બોક્સ ઓફિસ પર ૫૧ કરોડની જંગી કમાણી

મુંબઈ,તા. ૩૦

એક વિલન નામની ફિલ્મને બોક્સ ઓફિસ ઉપર અપેક્ષા કરતા વધુ સારી સફળતા મળી રહી છે. ફિલ્મ રજૂ થયાના શરૂઆતી દિવસોમાં જ આ ફિલ્મ ૫૦ કરોડથી વધુની કમાણી કરી ચુકી છે. આ ફિલ્મને બીજો લાભ એ થયો છે કે, તેની સામે કોઈ બીજી મોટી ફિલ્મ રજૂ થઈ નથી. જેના કારણે તે એકમાત્ર સારી ફિલ્મ છે જે ચર્ચા જગાવી રહી છે. સમર હોલીડેના છેલ્લા સપ્તાહમાં સૌથી વધુ ફાયદો એક સપ્તાહ પહેલા રજૂ થયેલી ફિલ્મનો થયો છે. નિર્દેશક મોહિતસુરીની ફિલ્મ એક વિલનને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. દિલ્હી, ઉત્તરપ્રદેશ અને પૂર્વ પંજાબમાં આ ફિલ્મને રજૂ કરનાર કંપની સાથે જોડાયેલા લોકોનું કહેવું છે કે, આ છ માસના ગાળામાં રજુ થયેલી ફિલ્મોમાં તમામ ફિલ્મો કરતા બીજા નંબર પર રહી છે. સેન્સર પાસેથી ફિલ્મને યુએ પ્રમાણ પત્ર મળી ગયા બાદ સૌથી વધુ ફાયદો આ સપ્તાહમાં થયો છે. જાણકાર લોકોનું કહેવું છે કે, જો આ ફિલ્મ એ સર્ટીફીકેટ સાથે રજૂ થઈ હોત તો તેને નુકશાન થયું હોત. પરંતુ યુએ પ્રમાણ પત્ર મળ્યા બાદ પરિવારના સભ્યો પણ આ ફિલ્મને જોવા માટે પહોંચી રહ્યા છે. સિંગલ સ્ક્રીનમાં ૭૦ ટકાથી વધુ

પબ્લિક પહોંચી છે. નવી દિલ્હીના ડિલાઈટ સિનેમા હોલ ઉપર તમામ શો હાઉસફુલ રહ્યા છે. આ ફિલ્મ હજુ સુધી ૫૧.૯૫ કરોડની કમાણી કરી ચુકી છે. ૪૦ કરોડના બજેટમાં ફિલ્મ તૈયાર થઈ હતી. એમ માનવામાં આવે છે કે, આ ફિલ્મ ટૂંકા ગાળામાં જ વધુ કમાણીની દિશામાં આગળ વધી શકે છે. સ્કુલ શરૂ થાય તે પહેલા જ મોટાભાગના માતા પિતા દ્વારા પોતાના બાળકોને તેમની પસંદગીની ફિલ્મો બતાવી હતી. આનો ફાયદો પણ એક વિલનને મળ્યો છે. એક વિલનની સફળતાથી મોહિત સુરી ખૂબજ ખુશ છે.

૮૦સી હેઠળ ટેક્સ મુક્તિ મર્યાદા બે લાખ કરાય તેવી પ્રબળ શક્યતા

નવી દિલ્હી, તા.૩૦

દરેક પરિવાર અને વ્યક્તિની બચતને પ્રોત્સાહન આપવાના હેતુસર નરેન્દ્ર મોદી સરકાર બજેટમાં કેટલીક રાહતો જાહેર કરવાની તૈયારીમાં છે. આના ભાગરૂપે જ નાણાં મંત્રાલય દ્વારા હાલમાં જ ફાઈનાન્સિયલ ઈન્સ્ટ્રુમેન્ટ અથવા તો નાણાકીય સંશાધનોમાં વ્યક્તિગતો દ્વારા મૂડીરોકાણ માટેની મુક્તિ મર્યાદાને બે ગણી કરવા ગંભીરતાપૂર્વક વિચારણા કરવામાં આવી રહી છે. ઈનકમટેક્સ એક્ટની કલમ-૮૦સી, ૮૦સીસી અને ૮૦ સીસીસી હેઠળ એક લાખ રૂપિયાની મુક્તિ મર્યાદાને વધારવામાં આવે તેવી શક્યતા છે. આ મુક્તિ મર્યાદા વધારીને બે લાખ રૂપિયા કરી દેવામાં આવે તેવી શક્યતા છે. પરિવારની બચતને પ્રોત્સાહન આપવા ટેક્સ મુક્તિ મર્યાદા એક લાખથી વધારીને બે લાખ કરવામાં આવશે. આ માંગણી છેલ્લા કેટલાક દિવસથી કરવામાં પણ આવી રહી છે. સુત્રોનું કહેવું છે કે, મહેસુલી વિભાગ દ્વારા લાભની મર્યાદામાં વધારો કરવાના કેસમાં સરકારી તિજોરી ઉપર કેટલો બોજ આવશે તેને લઈને ગણતરીમાં વ્યસ્ત છે. ૨૦૧૪-૧૫ માટેનું બજેટ ૧૦મી જુલાઈના દિવસે લોકસભામાં નાણાંમંત્રી અરૂણ જેટલી દ્વારા રજૂ કરવામાં આવનાર છે. બેંકરો અને ઈન્સ્યોરર તરફથી ટેક્સ મુક્તિ મર્યાદાને વાર્ષિક એક લાખથી વધારીને બે લાખ કરવાની હિલચાલ ચાલી રહી છે. બચત દર ૨૦૦૮માં જીડીપીના ૩૮ ટકા હતો જે ઘટીને ૨૦૧૨-૧૩માં ૩૦ ટકા થયો છે. સુત્રોનું કહેવું છે કે, મુક્તિ મર્યાદામાં વધારો કરવાની સ્થિતિમાં પગારદાર વર્ગને તીવ્ર મોંઘવારી વચ્ચે ખૂબ સારી રાહત મળી શકે છે. ઉંચાવા ફુગાવાની અસર હેઠળ પગારદાર વર્ગ ખૂબ જ પરેશાન છે.

ચેન્નઈ ઈમારત દુર્ઘટનામાં મૃત્યુઆંક વધીને ૧૮ થયો

ચેન્નઈ,તા. ૩૦

ચેન્નઈમાં ઈમારત ધરાશાયી થવાના બનાવમાં મોતનો આંકડો વધીને આજે ૧૮ ઉપર પહોંચી ગયો હતો. ૧૮ના મૃતદેહ મળી આવ્યા છે. કાટમાળ હેઠળથી ૨૩ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. શનિવારે સાંજે ઈમારત ધરાશાયી થવાના બનાવ બન્યો હતો. આજે સોમવારે પણ બચાવ અને રાહત કામગીરી જારી રહી હતી. વધુ બે વર્કરોને આજે બચાવી લેવાયા હતા. ચાર મૃતદેહ કાટમાળ હેઠળથી બહાર કાઢવામાં આવ્યા હતા. બચાવ કામગીરી હજુ પણ જારી રહે તેવી શક્યતા છે. બચાવી લેવામાં આવેલા વર્કરો મોટાભાગે આંધ્રપ્રદેશ અને ઓરિસ્સાના હોવાનું જાણવા મળ્યું છે. એનડીઆરએફ અને પોલીસની ટુકડી બચાવ કામગીરીમાં લાગેલી છે.

કાટમાળ હેઠળ ફસાયેલા લોકોને બચાવવાના પ્રયાસ ચાલી રહ્યા છે. દરમિયાન આજે ભોગ બનેલા લોકોના સગાસંબંધીઓ માટે ફૂડપેકેટની વ્યવસ્થા કરી હતી. દરમિયાન તમિલનાડુના મુખ્યમંત્રી જયલલિતા પણ ચેન્નઈમાં બનાવના સ્થળે પહોંચ્યા હતા. માળખામાં ખામી હોવાના કારણે આ બનાવ બન્યો હતો. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ પણ આજે ચેન્નઈમાં ઈમારત ધરાશાયી થવાના સ્થળની મુલાકાત લીધી હતી.

આંધ્રપ્રદેશના કેટલાક માઈગ્રન્ટ વર્કરો સહિત ૭૦થી વધુ લોકો શનિવારની સાંજે ઈમારત ધરાશાયી થવાના બનાવ બાદ કાટમાળ હેઠળ ફસાયા હતા. વધુ લોકોને જીવીત બચાવી શકાય તે માટે બચાવ કામગીરીને તીવ્ર બનાવવા નાયડુએ અપીલ કરી હતી. દરમિયાન નાયડુએ મૃતકોના પરિવારને પાંચ-પાંચ લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તને ૫૦-૫૦ હજાર આપવાની જાહેરાત કરી હતી.

મોંઘેરા મોતી (પાના નં. ૪ નું ચાલુ)

(૫) જુના પંપનું નફા વગર રીપેરીંગ કામ થાય છે.

(૬) કંપનીના ખર્ચે હજારો ગામોમાં લોકોને જળ રક્ષા, દેશી ગોવંશ રક્ષા, ગાય આધારિત કૃષિ, વ્યસન મુક્તિ પ્રેરણા અપાય છે.

(૭) કવોલિટી પંપથી રાષ્ટ્ર આબાદી થાય છે. ફલોટેક પંપ ૫૫ વર્ષોથી નિરંતર ચાલે એવું ધ્યેય છે.

વિનોબાજી કહે છે કે,

'મને શું મળે છે એ મુખ્ય વાત નથી. જોવાનું તો એટલું જ કે હું શું આપું છું? જે સતત આપતો રહે છે, તેના આનંદની કોઈ સીમા નથી? મનસુખભાઈની સ્વસ્થતા, પ્રસન્નતા અંગે ઈશ્વરને પ્રાર્થના છે.'

મળવા અને માણવા જેવા માણસ મનસુખભાઈને આપ પ્રતિભાવ પ્રત્યુત્તર પાઠવી શકો છો. ફોન કરી શકો છો :મનસુખભાઈ સુવાગીયા.

મો. ૯૪૨૬૨૫૧૩૦૧

જળ ક્રાંતિ ટ્રસ્ટ,

C/o ફલોટેક એન્જીનીયરીંગ પ્રા.લી.,

શાપર મેઈન રોડ, મુ. શાપર (વેરાવળ)

જિ. રાજકોટ (ગુજરાત) ફોન : (૦૨૮૨૭) ૨૫૨૫૦૯/ ૨૫૩૩૦૯

e-mail : info@jalkranti.org

વિચારયાત્રા (પાના નં. ૪ નું ચાલુ)

ત્યારપછી બીજા દિવસે સાઉથ સિક્કીમમાં ચાર-ધામ, બાર જ્યોતિર્લીંગ, શિરડીનું મંદિર આ બધાની આબેહૂબ રેપ્લિકા જોઇ. લગભગ ૪૦ એકરમાં ફેલાયેલ આ સ્થાન ખૂબ મહેનત કરીને હમણાં જ દરેક વર્ષ પહેલાં બનાવવામાં આવ્યું છે... ત્યાં શંકર ભગવાનની ૫૦ ફૂટ ઊંચી ધ્યાનમુદ્રા વાળી મૂર્ત મૂકવામાં આવી છે...

ભારતના ખૂણામાં રહેતા ત્યાંના લોકો એક સાથે બારેય જ્યોતિર્લિંગ અને ચારધામના દર્શન કરી શકે એ માટે સુંદર રીતે આ સ્થળ વિકસાવવામાં આવ્યું છે... એ જોઇને આપણે ત્યાં અંબાજીના ગબ્બરની ફરતે જે ૫૧ શક્તિપીઠની હમણાં રચના કરવામાં આવી છે, તે સ્મરણમાં આવી જાય.

માત્ર ૩.૫ લાખની વસતી ધરાવતું આખું સિક્કીમ રાજ્ય વર્ષોથી પવન ચામલિંગ દ્વારા એકહથ્થુ શાસન વાળું રહ્યું છે... લોકો ધર્મભીરુ અને ટંટાફસાદથી દૂર રહેવાવાળા વધારે લાગ્યા... ભારતની અંદર ખૂણામાં પડેલું આ રાજ્ય કુદરતી સંપત્તિની દૃષ્ટિએ સૌથી ભાગ્યશાળી છે...

બારમાં દિવસે આળી અવિસ્મરણીય યાત્રાને અધુરી મૂકીને પાછા ઘર ભણી આવવા નીકળી પડ્યા... યાત્રા અધુરી એ સંદર્ભે કહેવાય કે હજી સિક્કીમમાં નાથુલા પાસ, બાબા મંદિર, ગુરૂબ્રહ્મા તળાવ, છાંગુ લેક, યુમથાંગ, લાચુંગ, પેલિંગ જેવી જગ્યાઓ જોવાની બાકી છે.. લેન્ડ સ્લાઇડીંગ અને વરસાદના કારણે રસ્તા બંધ થઇ જવાથી મુસાફરી શક્ય ન બની... ઇશ્વર ફરી એકવાર તેમની અદ્‌ભૂત દુનિયામાં બોલાવવા માગતા હશે...

પરંતુ સિક્કીમ-નામની - ગેંગટોક, દાર્જીલીંગ, કલિમ્પોંગનો પ્રવાસ હજી શ્વાસમાં છે... ત્યાંનું સૌંદર્ય, ઝરણાઓનો કરશોર, પક્ષીઓનો કલરવ, પાઇનના ઝાડનો ઘૂઘવાટ અમે સાથે લઇને આવ્યા હોઇએ તેવો અનુભવ થાય છે...

સમાચાર ઝલક

- **અરૂણાચલ પ્રદેશ ઉપર ચીનના દાવા સામે ભારત સરકાર લાલઘુમ.**
- **લીવ ઈન રીલેશનશીપ દરમિયાન થતાં બળાત્કારના કેસોમાં ધરપકડ પર પ્રતિબંધ.**
- **વિશ્વભરમાં તમામ દેશોમાં સ્થૂળતાનું પ્રમાણ બાળકોમાં ખૂબ વધી ગયું છે.**
- **કુદરતી આફતો માટેની રાહત માટે ગુજરાત સરકારનું ૩૦૦૦ કરોડનું બજેટ.**
- **રાજકોટમાં ઉદ્યોગપતિએ ૧૬ વર્ષની બાળા પર ૮ વર્ષ સુધી દુષ્કર્મ આચર્યું.**
- **ભારતના પંકજ અડવાણીએ સ્નૂકર અને બિલિયર્ડસ બંનેમાં ખિતાબ મેળવી વિક્રમ નોંધાવ્યો.**
- **ઉકાઈ ડેમની પાણીની સપાટી ઘટતાં ૨૦૦૧ના વર્ષનું પુનરાવર્તન થવાનો ભય.**
- **ઈરાકી દળોએ ત્રાસવાદીઓને સકંજામાં લેતા કેટલાંય શહેરો પરત મેળવ્યા.**
- **આશારામ બાપુના પૂર્વ સાધક અમૃત પ્રજાપતિના હત્યા કેસમાં પોલીસને સબળ કડીઓ મળી.**
- **સ્પાઈસ જેટ, ઈન્ડીગો એરલાઈન્સે રૂ.૧૫૦૦માં વિમાની મુસાફરી કરવાની તક જાહેર કરી.**
- **આજથી મુસ્લિમ સમાજના પવિત્ર રમઝાન માસનો પ્રારંભ. મસ્જિદોમાં રોશનીનો શણગાર.**
- **અમેરિકામાં ૮૦૦ મીટરની દોડમાં ગર્ભવતી મહિલાએ ભાગ લીધો.**
- **બદ્રીનાથ-કેદારનાથ-ઉત્તરાખંડ ચીનના નિશાન પર છે-શંકરાચાર્ય.**
- **વરસાદ લંબાતા વાવણી ૬૬ ટકા ઓછી થવાની શક્યતા.**
- **ઈરાકમાં ત્રાસવાદીઓએ ધર્મગુરૂની મૂર્તિઓ ખંડિત કરી.**
- **અંગત પળોની તસવીર ખેંચવી એ મુર્ખામી ગણાય - સુપ્રિમ કોર્ટ**
- **સિગારેટનો દમ મોંઘો બન્યો. ભાવમાં વધારો.**
- **બેંક કર્મચારીઓના પગાર વધારાની ટુંકમાં જાહેરાત થશે.**
- **સમગ્ર રાજ્યમાં ૧૩૫ સ્થળે શાંતિપૂર્ણ રીતે રથયાત્રા પૂર્ણ.**